(૧૫)

**પ્ર.૧ (અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. સામાયિક કરતા સ્નાન કરવું જરૂરી છે?

**જ. કોઇપણ ધાર્મિક ક્રિયા કરતા પહેલા સ્નાન કરવું જરૂરી નથી, પણ આત્મશુદ્ધિ જરૂરી છે.**

૨. પ્રતિક્રમણનો ચોથો પાઠ શેના વિશેનો છે?

**જ. પ્રતિક્રમણનો ચોથો પાઠ જ્ઞાનના અતિચાર વિશે છે.**

૩. પરલોકની આશાતના કેવી રીતે થાય છે?

**જ. પુનર્જન્મ ન માનવો. નરકાદિ ચાર ગતિને ન માનવા વગેરે.**

૪. પચ્ચક્ખાણ કરવાથી શું લાભ થાય છે?

**જ. પચ્ચક્ખાણ કરવાથી ઈચ્છા નિરોધ થાય, તૃષ્ણા રહિત થવાથી પરમ શાંતિ પમાય.**

૫. પાંચમું શ્રમણસૂત્ર શેના વિશેનું છે?

**જ. પાંચમું શ્રમણસૂત્ર નિર્ગ્રંથ પ્રવચનનું મહત્ત્વ અને શ્રદ્ધાની વિશુદ્ધિ કરવા સંબંધી છે.**

**(આ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ઉપાંગ સૂત્રમાં ઉત્કાલિક સૂત્રના નામ લખો. (૩)

**જ. ઉવવાઈ સૂત્ર, રાયપસેણીય સૂત્ર, જીવાભિગમ સૂત્ર, પ્રજ્ઞાપના સૂત્ર, સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર.**

૨. પુપ્ફિયા સૂત્રની આગમશૈલી, રચયિતા, વિષયનું વર્ણન લખો. (૨)

**જ. પુપ્ફિયા સૂત્રની આગમશૈલી – અધ્યયન,**
**રચયિતા – અજ્ઞાત નામના આચાર્ય,**
**વિષય વર્ણન – ભગવાન મહાવીરના દર્શને પધારેલા ચંદ્ર–સૂર્ય દેવોનું વર્ણન. સોમિલ અને પાર્શ્વનાથનો સંવાદ તથા બહુપુત્રિકાદેવી વગેરેનું વર્ણન છે.**

૩. યૂપક એટલે શું? તેની અસજ્ઝાય ક્યારે હોય? કેટલા સમયની? (૨)

**જ. સૂર્યની સંધ્યાની પ્રભાનું અને ચંદ્રની પ્રભાનું એકી સાથે હોવું એટલે કે મિશ્રણ થવું તે યૂપક છે. બાલચંદ્રની શુક્લપક્ષ રાત્રિની પ્રથમ પ્રહરની.**

૪. મધ્યરાત્રિ એટલે શું? તેની અસજ્ઝાય કેટલા સમયની? (૧×૩)

**જ. મધ્યરાત્રિ એટલે સૂર્યાસ્તથી સૂર્યોદયના મધ્યભાગનો સમય. તેની અસજ્ઝાય બે ઘડીની.**

૫. હાડકું પડ્યું હોય ત્યાં સ્વાધ્યાય થાય કે નહિ? કેટલા સમયની?

**જ. હાડકું પડ્યું હોય ત્યાં સ્વાધ્યાય ન થાય. જ્યાં સુધી હોય અથવા દેખાય ત્યાં સુધી.**

૬. ....... અને ....... ના વિમાન ઔદારિકના બનેલા છે.

**જ. સૂર્ય, ચંદ્ર.**

(૫)

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. કર્મબંધના કારણ કેટલા છે? કયા કયા? (૩)

**જ. કર્મબંધના કારણ બતાવ્યા છે – ૧) આદાનસ્ત્રોત – બે પ્રકારની ક્રિયાથી કર્મ આવે છે ઈર્યાપથિકી અને સાંપરાયિક. ૨) અતિપાતસ્ત્રોત – પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન આદિથી કર્મ આવે છે. ૩) યોગ – મન–વચન–કાયારૂપ યોગ(પ્રવૃત્તિ) થી શુભ–અશુભ કર્મનો બંધ થાય છે.**

૨. ભગવાનનો સાધનાકાળ કેટલો હતો? ભગવાન કેવી રીતે ધર્મધ્યાન કરતા હતા? (૨)

**જ. ભગવાનનો સાધનાકાળ બાર વર્ષ, છ માસ, ૧૫ દિવસનો હતો. આ દિવસો દરમ્યાન તેઓ તપસાધના કરતા હતા, રાત–દિવસ યત્નાપૂર્વક અપ્રમત્ત થઈને સમાધિપૂર્વક ધર્મધ્યાન કરતા હતા.**

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. જન્મ-મરણના પર્યાયવાચી નામ કયા છે? વિકુર્વણા એટલે શું?

**જ. જન્મ-મરણના પર્યાયવાચી નામ-ઉપપાત, ઉદ્‌વર્તન, ચ્યવન, ગર્ભવ્યુત્ક્રાંતિ.**
**વિકુર્વણા-વૈક્રિય લબ્ધિ પ્રાપ્ત ગર્ભસ્થ જીવ ભિન્ન ભિન્ન શરીરોની રચના કરી શકે છે.**

૨. આરાધનાના બે પ્રકાર લખો.

**જ. આરાધનાના બે પ્રકાર-૧) ધાર્મિક આરાધના-શ્રુત અને ચારિત્રધર્મનું પાલન કરવાવાળા સાધુ અને શ્રાવક ની આરાધના ૨) કેવળી આરાધના-શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, કેવળજ્ઞાનીની આરાધના.**

૩. મેરુપર્વતની ઉત્તર-દક્ષિણે કયા ક્ષેત્ર છે? તે કેવા છે?

**જ. મેરુપર્વતની ઉત્તર-દક્ષિણે ભરત અને ઈરવત ક્ષેત્ર છે. તે ક્ષેત્ર પ્રમાણની દષ્ટિએ સર્વથા સમાન છે. નગર, નદી આદિ દષ્ટિએ એમાં કોઇ વિશેષતા નથી. કાળચક્રના પરિવર્તનની દષ્ટિએ એમાં કોઇ વિભિન્નતા નથી. લંબાઈ, પહોળાઈ, આકાર અને પહોળાઈની અપેક્ષાએ એકબીજા સમાન છે.**

૪. કયા તીર્થંકર કોના સમાન લીલા અને લાલ વર્ણવાળા હતા?

**જ. બે તીર્થંકર પ્રિયંગુ વૃક્ષ સમાન લીલા વર્ણના હતા-મલ્લિનાથ સ્વામી અને પાર્શ્વનાથ સ્વામી.**
**બે તીર્થંકર પદ્મકમળ જેવા લાલ વર્ણના હતા-પદ્મપ્રભ સ્વામી અને વાસુપૂજ્ય સ્વામી.**

૫. દીર્ઘ વૈતાઢ્ય પર્વતમાં કઈ ગુફાઓ છે? તે બંને કેવી છે? ત્યાંના માલિક દેવ અને તેની સ્થિતિ લખો.

**જ. દીર્ઘ વૈતાઢ્ય પર્વતમાં તમિસ્ત્રા અને ખંડપ્રપાત ગુફા છે. તે બંને ક્ષેત્રપ્રમાણ, પરિધિ અને ક્ષેત્રફળની દષ્ટિએ સમાન છે. તમિસ્ત્રામાં કૃતમાલક દેવ અને ખંડપ્રપાતમાં નૃતમાલક દેવ છે. બંનેની સ્થિતિ ૧ પલ્યોપમ છે.**

(૧૦)

**પ્ર.૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ધન્ય સાર્થવાહના પુત્ર અને પુત્રવધૂના નામ લખો.

**જ. ધન્ય સાર્થવાહના પુત્રના નામ – ધનપાલ, ધનદેવ, ધનગોપ, ધનરક્ષિત.**
**ધન્ય સાર્થવાહના પુત્રવધૂના નામ – ઉજ્જિકા, ભોગવતી, રક્ષિકા, રોહિણી.**

૨. રક્ષિકા જેવાની શું હાલત થાય છે?

**જ. જે સાધુ – સાધ્વી દીક્ષા લઈને, રક્ષિકાની જેમ પાંચ દાણાંની સમાન પાંચ મહાવ્રતોનું રક્ષણ કરે છે તે આ સંસારમાં અર્ચનીય, પૂજનીય યાવત્ ચાર ગતિરૂપ સંસાર જંગલને પાર કરે છે.**

૩. ઉજ્જિકાને દાણા આપવા પર તેણે શું વિચાર કર્યો?

**જ. મારા પિતા (સસરા) ના કોઠારમાં કમોદથી ભરેલા દાણાંના પાલા છે. જ્યારે પિતાજી મારી પાસે આ પાંચ કમોદના દાણાં માંગશે, ત્યારે હું પાલામાંથી બીજા પાંચ કમોદના દાણાં લઈને આપી દઈશ.**

૪. યતિધર્મના પ્રકાર લખો.

**જ. ક્ષમા, મુત્તિ, આર્જવ, માર્દવ, લાઘવ, સત્ય, તપ, ત્યાગ, અકિંચનવૃત્તિ અને બ્રહ્મચર્ય.**

૫. ધન્ય સાર્થવાહ મેઢીરૂપ અને આલંબનરૂપ કેવી રીતે હતા?

**જ. ધન્ય સાર્થવાહ રાજગૃહ નગરમાં ઘણા રાજામાં, વિશિષ્ટજનોમાં, કુટુંબમાં, તેનો અનેક કાર્યોમાં, કારણોમાં, કૌટુંબિક વાતોમાં, મંત્રણાઓમાં, ગુપ્ત વાતોમાં, રહસ્યમય વાતોમાં, નિશ્ચય કરવામાં, વ્યવહારમાં પૂછવાયોગ્ય હતા.**

(૧૫)

**પ્ર.૫ (અ) ઉપાસક દશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. આનંદ ગાથાપતિનું વ્યક્તિત્વ કેવું હતું?

**જ. આનંદ ગાથાપતિ ઘણા રાજા, ધનિક વગેરે સાર્થવાહોના ઘણા કાર્યોમાં તથા કુટુંબોમાં, ગૂઢ રહસ્યોને ઉકેલવામાં, ન્યાય કરવામાં, વ્યવહારમાં પૂછવાયોગ્ય, સલાહ લેવાયોગ્ય હતા. પોતાના કુટુંબના પણ મેઢીરૂપ,**

**આધારરૂપ, પ્રમાણરૂપ તેમ જ સર્વ કાર્યોને વધારનાર હતા.**

૨. આનંદ શ્રાવકે ઉવટ્ટણ માટેની શું મર્યાદા કરી?

**જ. ઉબટન–સુગંધિત ચૂર્ણ આદિમાં એક સુગંધિત ચૂર્ણ ઘઉં વગેરેના લોટની સાથે કેટલાક સુગંધિત પદાર્થોને મેળવીને તૈયાર કરેલી પીઠી સિવાય બાકીના સર્વ દ્રવ્યોની/પદાર્થોની મર્યાદા કરું છું.**

૩. જિતશત્રુ રાજાએ પાંચ નિયમોનું પાલન કર્યું?

**જ. જિતશત્રુ રાજાએ ૧) સચેત પદાર્થોનો ત્યાગ કરીને ૨) અચેત અયોગ્ય પદાર્થોનો પણ ત્યાગ કરીને ૩) એકશાટિક–એક ખભા પર રહેનાર વસ્ત્રને મુખ પર ધારણ કરીને ૪) ધર્મનાયક પર દષ્ટિ પડતા જ હાથ જોડ્યા ૫) મનને એકાગ્ર કર્યું.**

૪. આનંદ શ્રાવકને અવધિજ્ઞાન કેવી રીતે ઉત્પન્ન થયું?

**જ. સંલેખના સ્વીકાર્યા બાદ કોઇ શુભ અધ્યવસાય, શુભ લેશ્યા, શુભ પરિણામ આદિ કારણે તથા અવધિ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમને કારણે તેમને રૂપી પદાર્થોને વિષય કરવાવાળું અવધિજ્ઞાન ઉત્પન્ન થયું.**

૫. અવધિજ્ઞાન માટે ગૌતમ સ્વામીએ આનંદ શ્રાવકને શું કહ્યું?

**જ. આનંદ ! ગૃહસ્થને અવધિજ્ઞાન થાય છે, પરંતુ એટલું મોટું હોતું નથી, માટે આનંદ આપ મૃષાવાદરૂપ એ વિષયની આલોચના–પ્રતિક્રમણ–નિંદા–ગર્હા કરો અને પ્રાયશ્ચિત્ત લઈ પુનઃ શુદ્ધ અંતઃ સ્થિતિમાં પાછા ફરો.**

**(આ) અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. ગૌતમકુમારના લગ્ન કેટલી કન્યાઓ સાથે થયા? તેમને કેટલું દહેજ મળ્યું? કેટલી કળા શીખી? (૨×૨)

**જ. ગૌતમકુમારના લગ્ન ૮ સુંદર રાજકન્યાઓ સાથે થયા. તેમને લગ્નમાં ૮ કરોડ સોનામહોર આદિ આઠ આઠ વસ્તુઓ દહેજમાં મળી. ગણિત, લેખન આદિ ૭૨ કળા શીખી.**

૨. દ્વારિકા નગરીનું વર્ણન કરો.

**જ. દ્વારિકા નગરી વૈશ્રમણ કુબેરે પોતાની બુદ્ધિ કૌશલ દ્વારા બનાવી હતી. તે સોનાના કોટથી ઘેરાયેલી હતી. ઈન્દ્રનીલ મણિ, વૈડુર્ય મણિ, પદ્મરાગ મણિ આદિ વિવિધ પ્રકારના પાંચ રંગના મણિઓથી જડેલા કાંગરાથી સુશોભિત હતી. તેને અલકાપુરીની ઉપમા આપવામાં આવી હતી.**

૩. અભિરૂપ અને પ્રતિરૂપ કોને કહેવાય? (૧)

**જ. અભિરૂપ–પ્રતિક્ષણ નવા રૂપવાળી, પ્રતિરૂપ–સર્વોત્તમ, અસાધારણ.**

(૫)

**પ્ર.૬ અનુત્તરોવવાઈ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. વિપુલગિરિ પર્વત પરથી ઉતરીને સ્થવિર ભગવંતોએ ભગવાન મહાવીરને શું કહ્યું? (૩)

**જ. હે ભગવાન ! આપના શિષ્ય જાલિ અણગાર જે પ્રકૃતિથી ભદ્ર, વિનયી, શાંત, અલ્પ કષાયી, કોમળતા અને નમ્રતા વગેરે ગુણોથી યુક્ત, ઈન્દ્રિયોને વશમાં રાખનાર હતા, ત આપની આજ્ઞા લઈ વિપુલ પર્વત પર ચડ્યા હતા યાવત્ સંથારો લઈને કાળધર્મ પામી ગયા. આ તેમના સંયમના ઉપકરણો વસ્ત્ર–પાત્ર આદિ છે.**

૨. જાલિ કુમારના માતા–પિતા–નગરી–ચૈત્યનું નામ શું હતું? (૨)

**જ. જાલિ કુમારના માતા–ધારિણી રાણી, પિતા–શ્રેણિક રાજા, નગરી–રાજગૃહ, ચૈત્ય–ગુણશીલ.**

(૧૫)

**પ્ર.૭ દશવૈકાલિક તથા પુચ્છિંસ્સુણં સૂત્રના આધારે નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.**

૧. મૂલએ **સિંગબેરે ય, ઉચ્છુખંડે અણિવ્વુડે । કંદે, મૂલે ય સચ્ચિત્તે, ફલ બીએ ય** આમએ ॥

**અર્થ : અણિવ્વુડે–સચેત ૩૨) મૂલએ–કાચા સચેત મૂળા ૩૩) સિંગબેરે–આદુ ૩૪) ઉચ્છુખંડે–શેરડીની ગંડેરી ૩૫) કંદે–કંદ ૩૬) મૂલે–મૂળ ૩૭) સચ્ચિત્તે ફલે–સચેત ફળ ૩૮) આમએ બીએ–કાચા બીજ.**

૨. જહા **દુમસ્સ પુપ્ફેસુ, ભમરો આવિયઈ રસં । ન ય પુપ્ફં કિલામેઈ, સો ય પીણેઈ** અપ્પયં ॥

**અર્થ : જેમ ભમરો વૃક્ષના ફૂલોને પીડા પહોંચાડ્યા વિના તેમાંથી મર્યાદાપૂર્વક રસ પીને પોતાના આત્માને**

**તૃપ્ત કરી લે છે.**

૩. ધિરત્થુ તે ડજસોકામી, જો તં જીવિયકારણા । વંતં ઈચ્છસિ આવેઉં, સેયં તે મરણં ભવે ॥

**અર્થ : હે અપજશના કામી ! તને ધિક્કાર હો ! અસંયમી જીવન જીવવા માટે, વમેલી–તજેલી મને તું ભોગવવા ઈચ્છે છે ! એના કરતા તો તારું મોત થઈ જાય તે જ તારા માટે શ્રેયકારી છે.**

૪. સે ભૂઈપન્ને અણિએ અચારી, ઓહંતરે ધીરે અણંતચક્ખૂ ।

અણુત્તરં તપ્પઈ સૂરીએ વા, વઈરોયણિંદે વ તમં પગાસે ॥

**અર્થ : ભગવાન મહાવીર અનંતજ્ઞાની, અપ્રતિબદ્ધ વિહારી, સંસારસાગરને તરનારા, ધીરજવાન, અનંત જ્ઞાનરૂપ નેત્રવાળા તથા જેમ સૂર્ય સર્વથી વિશેષ તપે છે, તેમ તેઓ સર્વથી અધિક ઉત્કૃષ્ટ તપ કરતા હતા. જેમ વૈરોચન અગ્નિ અંધકારમાં પ્રકાશ કરે છે તેમ તેઓ અંધકાર અજ્ઞાન દૂર કરી પ્રકાશ કરનાર હતા.**

૫. રુક્ખેસુ ણાએ જહ સામલી વા, જંસિ રઈ વેદયંતિ સુવણ્ણા ।

વણેસુ વા ણંદણમાહુ સેટ્ઠં, ણાણેણ, સીલેણ ય ભૂઈપન્ને ॥

**અર્થ : જેમ વૃક્ષોમાં શાલ્મલી વૃક્ષ જગપ્રસિદ્ધ છે, જે વૃક્ષને વિશે સુવર્ણ કુમાર દેવતાઓ રતિસુખ વેદે છે. વનને વિશે જેમ નંદનવન શ્રેષ્ઠ છે, તેમ ભગવાન મહાવીર જ્ઞાને અને ચારિત્રે કરી પ્રભૂતજ્ઞાની હતા.**

(૧૦)

**પ્ર.૮ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. દેવ શા માટે ચિંતા કરે છે? (૩)

**જ. હવે મારે આ દેવ સંબંધી કામભોગોને છોડીને મનુષ્ય આદિ અશુચિ પદાર્થવાળી યોનિમાં ઉત્પન્ન થવું પડશે. ત્યાં વીર્ય અને શુક્રનો આહાર લેવો પડશે. એવું વિચારીને તેઓ લજ્જિત થાય છે, ઘૃણા કરે છે, અરતિ કરે છે. આયુષ્ય પૂર્ણ કરીને મનુષ્ય ગતિ તથા તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થાય છે.**

૨. જીવ ઈન્દ્રિય સહિત ઉત્પન્ન થાય છે કે ઈન્દ્રિય રહિત? (૨×૩)

**જ. દ્રવ્યેન્દ્રિય (શ્રોત, ચક્ષુ, ઘ્રાણ, રસ, સ્પર્શ) અપેક્ષા ઈન્દ્રિય રહિત ઉત્પન્ન થાય છે કારણ કે દ્રવ્યેન્દ્રિય શરીર સાથે સંબંધ રાખે છે. ભાવેન્દ્રિય અપેક્ષા ઈન્દ્રિય સહિત ઉત્પન્ન થાય છે.**

૩. ચાર, આઠ, બે અને બાર માસ નિર્મળ સંયમ પાળે તો કોના સુખ ઉલ્લંઘી જાય છે?

**જ. ચાર માસ સંયમ પાળવાથી ગ્રહ–નક્ષત્ર–તારાના દેવનું સુખ ઉલ્લંઘી જાય છે. આઠ માસ સંયમ પાળવાથી બ્રહ્મલોક–લાંતક દેવલોકના દેવનું સુખ ઉલ્લંઘી જાય છે. બે માસ સંયમ પાળવાથી નવ નિકાયના દેવનું સુખ ઉલ્લંઘી જાય છે. બાર માસ સંયમ પાળવાથી પાંચ અનુત્તર વિમાનવાસી દેવનું સુખ ઉલ્લંઘી જાય છે.**

૪. શ્રમણ નિર્ગ્રંથના સુખની તુલ્યતા કયા સૂત્રનો અધિકાર છે? તે અંગ છે કે ઉપાંગ? કેટલામું? કાલિક છે કે ઉત્કાલિક?

**જ. શ્રમણ નિર્ગ્રંથના સુખની તુલ્યતા ભગવતી સૂત્ર શતક ૧૪ ઉદ્દેશક ૯ નો અધિકાર છે. તે અંગ સૂત્ર છે. પાંચમું છે. કાલિક સૂત્ર છે.**

૫. ગર્ભસ્થ જીવ નરકમાં કેમ ઉત્પન્ન થાય છે? (૧)

**જ. ગર્ભસ્થ જીવ નરકમાં ઉત્પન્ન થાય છે કારણ કે મરતી વખતે તે જીવ રાજ્ય, ધન, કામ અને ભોગ આદિનો અભિલાષી છે માટે.**

(૧૦)

**પ્ર.૯ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. શારીરિક વેદના અને આભ્યુગમિકી વેદના–વનસ્પતિ, ક્ષાયિક સમકિતી હાથી, ભરતના મનુષ્ય, નરકના જીવોને હોય?

**જ. શારીરિક વેદના–વનસ્પતિ, ભરતના મનુષ્ય, નરકના જીવોને હોય. આભ્યુગમિકી વેદના–ભરતના મનુષ્યને હોય. ક્ષાયિક સમકિતી હાથી જુગલિયા છે તેને બેમાંથી એકપણ વેદના ન હોય.**

૨. મનુષ્યનો કષાયનો અલ્પબહુત્વ લખો.

**જ. મનુષ્યનો કષાયનો અલ્પ બહુત્વ – સૌથી થોડી થોડી માયા, તેથી તેથી લોભ વિશેષાધિક, તેથી ક્રોધ વિશેષાધિક, તેથી માન વિશેષાધિક.**

૩. ક્રોધ સંજ્ઞાનું ત્રીજું, મૈથુન સંજ્ઞાનું ચોથું, લોક સંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞાનું બીજું કારણ લખો.

**જ. ક્રોધ સંજ્ઞાનું ત્રીજું–શરીર માટે, મૈથુન સંજ્ઞાનું ચોથું–કામભોગની ચિંતવણા કરવાથી, લોક સંજ્ઞા–અન્ય લોકોને દેખીને પોતે તેવું કામ કરવું અને પરિગ્રહ સંજ્ઞાનું બીજું–લોભ મોહના ઉદયથી.**

૪. દુ:ખ વેદના અને શીત વેદના એટલે શું? કેટલા દંડકમાં હોય?

**જ. દુ:ખ વેદના એટલે બીજા દ્વારા ઉત્પાદિત, સાંયોગિક પ્રતિકૂળ વેદના. તે ૨૪ દંડકમાં હોય.**
**શીત વેદના એટલે શીત પુદ્‌ગલના સંયોગથી થનારી વેદના. તે ૨૩ દંડક અને ૪ થી ૭ નરકમાં હોય.**

૫. ૨૨ પક્ષે કોણ શ્વાસ લે છે? નારકી કેવી રીતે શ્વાસ લે છે? ૨૨૫ દિવસે કોણ શ્વાસ લે છે?

**જ. ૨૨ પક્ષે બારમા દેવલોક અને પહેલી ગ્રૈવેયકવાળા શ્વાસ લે છે. નારકી નિરંતર લુહારની ધમણની જેમ શ્વાસ લે છે. ૨૨૫ દિવસે કોઇ શ્વાસ લેતું નથી.**

(૫)

**પ્ર.૧૦ આગમ પરંપરાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**૧. દશમા પૂર્વનું નામ, પદ સંખ્યા, વત્થુ, ચુલવત્થુ, શાહી હસ્તિ, વિષય વર્ણન** લખો. (૩)

**જ. દશમા પૂર્વનું નામ વિદ્યા પ્રવાદ પૂર્વ, પદ સંખ્યા – ૧ ક્રોડ ૧૦ લાખ, વત્થુ – ૧૫, ચૂલ વત્થુ – ૦, શાહી હસ્તિ – ૫૧૨, વિષય વર્ણન – વિદ્યાના અતિશયોનું વર્ણન.**

૨. ભગવતી સૂત્રની ટીકામાં શું કહ્યું છે? જે આગમથી દૂર જાય છે, તે કોનાથી દૂર જાય છે? (૨)

**જ. ભગવતી સૂત્રની ટીકામાં કહ્યું છે કે, પથ્થરમાં ગુરુતા હોવાથી નીચે પડે છે. ધૂમાડામાં લઘુતા હોવાથી ઊંચે જાય છે. વાયુમાં ગુરુતા–લઘુતા બંને હોવાથી તિરછી જાય છે. જે આગમથી દૂર જાય છે, તે મોક્ષથી દૂર જાય છે.**

**જય – જિનેન્દ્ર**